



પાલનપુરમાં આવેલા પ્રાચીન પાતાળેશ્વર મહાદેવ મંદિર ખાતે છેલ્લા કેટલાય વર્ષો થી શ્રાવણ માસ દરમ્યાન દર સોમવારે ભગવાન ભોળાનાથ ના શિવલિંગ પર વિવિધ શણગાર કરવામાં આવે છે. જેમાં ચાલુ વર્ષે શિવલિંગ પર દર સોમવારે ડ્રાયફુટ, ફૂલોની પાંખડીઓ, કઠોળ તેમજ વિવિધ શણગારની વસ્તુઓ દ્વારા શણગાર કરવામાં આવે છે. જેમાં સંધ્યા આરતી સમયે ભક્તમંડળ દ્વારા સોમવારે ભગવાન ભોળાનાથના શિવલિંગને ૧, ૧૦, ૨૦, ૫૦, ૧૦૦, ૨૦૦ અને ૫૦૦ રૂપિયાની અંદાજે ૨.૫ લાખ જેટલી ચલણી નોટો તેમજ સિક્કાઓથી શણગાર કરવામાં આવ્યો હતો. શિવલિંગ નો આ શણગાર આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું જેમાં શિવભક્તોની દર્શન કરવા માટેની ભારે ભીડ જામી હતી. જેમાં શિવભક્ત પ્રશાંતભાઈ ગોહિલે જણાવ્યું હતું કે દર વર્ષે શ્રાવણ માસમાં દર સોમવારે ભક્તો દ્વારા ભોળાનાથ ને વિવિધ શણગાર કરવામાં આવે છે.

# સાબરકાંઠામાં વરસાદી માહોલ છતાં મેઘરાજાની પધરામણી ન થતા નગરજનોમાં નિરાશા

## ઓછા વરસાદથી આગામી દિવસોમાં પીવાના પાણીની મુશ્કેલી સર્જાય તેવા એંધાણ

હિંમતનગર, તા. ૮

સાબરકાંઠામાં આ વર્ષે પડી રહેલા ઓછા વરસાદને કારણે ન કલ્પી શકાય તેવી સમસ્યાઓના એંધાણ દેખાઈ રહ્યા છે. ત્યારે શુક્રવારે સાબરકાંઠામાં આખો દિવસ વરસાદી માહોલ રહ્યો હોય તેમ આકાશ વાદળછાયુ રહ્યુ હતુ. પરંતુ દિવસ દરમ્યાન મેઘરાજાએ મહેર ન કરતા લોકોમાં નિરાશા પ્રસરી છે.

સાબરકાંઠામાં અઠવાડીયા અગાઉ પડેલા વરસાદ બાદ ઉઘાડ નિકળ્યો હોવાને કારણે વિવિધ પાકોને ફાયદો જરૂર થયો છે. પરંતુ અફસોસની વાત એ છે કે દર વર્ષે સાબરકાંઠામાં વિવિધ વિસ્તારોમાં સરેરાશ ૩૦ ઈંચથી વધુ વરસાદ પડતો હતો. જેના કારણે ચેકડેમ તથા નદીઓમાં પૂર આવતા મોટા જળાશયોમાં વરસાદી પાણીનો સંગ્રહ થતા સિંચાઈ માટે શિયાળામાં ખેડૂતોને કેનાલ મારફતે પાણી મળતુ હતુ.

તેની સરખામણીમાં સાબરકાંઠા જિલ્લામાં ખુબજ ઓછો વરસાદ પડ્યો છે. દરમ્યાન શુક્રવારે વાતાવરણમાં આવેલા પલ્ટાને લીધે આખો દિવસ આકાશ વાદળછાયુ રહ્યુ હતુ. વરસાદી માહોલ સર્જાયો હોવા છતાં આખો દિવસ મેઘરાજાએ પધરામણી ન કરતા જિલ્લાવાસીઓમાં નારાજગી પ્રસરી હતી. તો બીજી તરફ ઓછો વરસાદ થયો હોવા છતાં ઠંડક હોવાને કારણે ગરમીના પ્રમાણમાં જરૂર ઘટાડો નોંધાયો છે.

ઓછા વરસાદને લીધે હજુ સુધી બોર કૂવામાં પાણીના તળ ઉંચે ન આવ્યા હોવાને કારણે જિલ્લાના અનેક ગામડાંઓમાં પીવા માટેનુ પાણી રોજને બદલે ચાર પાંચ દિવસે મળી રહ્યુ છે. જે સંતોષકારક નથી. આગામી દિવસોમાં જો વધુ વરસાદ નહી પડે તો જિલ્લામાં પીવાના પાણીનું ભયંકર સંકટ ઉભુ થાય તેવા સંજોગો દેખાઈ રહ્યા છે. ઓછામાં પુરૂ છેલ્લા કેટલાંક દિવસોથી વહેલી સવારે પડી રહેલી ઝાકળને લીધે ઠંડીનો અનુભવ થવાનુ શરૂ થઈ ગયું છે.



**ડીસાના જોગણી માતાના મંદિરે લોધા સમાજ દ્વારા યજ્ઞ યોજાયો**

ડીસા રેલવે સ્ટેશનથી ઢુવા તરફ જતા રોડ પર વડતળાવ પાસે આવેલ લોધા સમાજના જોગણી માતાના મંદિર તેમજ લોધેશ્વર મહાદેવના મંદિરે લોધા સમાજ દ્વારા પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન શિવ આરાધના કરાયા બાદ શ્રાવણ મહિનાના સમાપન પ્રસંગે યજ્ઞ યોજી શિવ આરાધનાનું સમાપન કરાયું હતું.આ પ્રસંગે મુખ્ય યજમાન તરીકે સજોડે યજ્ઞમાં બિરાજવાનો લાભ અમરતલાલ લોધાએ લઈ યજ્ઞમાં આહુતિઓ આપી હતી.આ અવસરે અન્ય ભાવિકોએ પણ યજ્ઞમાં આહુતિઓ આપી ભગવાન ભોળાનાથના આશીર્વાદ લઈ ધન્યતા અનુભવી હતી.આ પ્રસંગે લોધા સમાજના અગ્રણીઓ તેમજ ભાવિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# બાલારામ દશામાંની મૂર્તિ વિસર્જનથી બન્યું ગંદકીનું ધામ

## દશામાંના અપમાન સાથે નદીની સુંદરતાને લાગ્યું ગ્રહણ : પ્લાસ્ટિક ઓફ પેરિસની મૂર્તિઓ નદીને કરે છે પ્રદુષિત

ઉત્તર ગુજરાતનું મીની કાશ્મીર ગણાતા બાલારામ મહાદેવ ખાતે ×દશામાં×ની મૂર્તિઓનું વિસર્જન કરતા બાલારામ ધામ ગંદકીના ધામમાં ફેરવાયું છે. સરકારના પ્રતિબંધ છતાં પ્લાસ્ટિક ઓફ પેરિસની બનેલી મૂર્તિઓ બાલારામ નદીમાં પધરાવી દેવાતા નદીની સુંદરતાને ગ્રહણ લાગવાની સાથે લોકોની ધાર્મિક અસ્થાને પણ ઠેસ પહોંચી છે.

પ્રકૃતિની ગોદમાં બિરાજમાન બાલારામ મહાદેવ ખાતે બારેમાસ સહેલાણીઓ આવતા હોય છે. એમાંય વળી, શ્રાવણ માસમાં તો ભક્તિનું ઘોડાપુર ઉમટે છે. જોકે, દશામાના વર્તની પૂર્ણાહૂતિ ટાણે વ્રતધારી બહેનો દ્વારા બાલારામ નદીમાં દશામાની મૂર્તિઓનું કરવામાં આવ્યું છે, જેના પગલે ફેલાયેલી ગંદકીને કારણે શિવભક્તો સહીત સહેલાણીઓએ નારાજગી વ્યક્ત કરી હતી. નદીમાં નાહવાની મજા માણવા બાલારામ આવેલા ધ્રુવ જોશી સહિતના બાલ



શિવભક્તો એ આ ઘટનાને દશામાના અપમાન સામી લેખાવી હતી.

સરકારે પ્રતિબંધ મુક્યો હોવા છતાં બાલારામ નદીમાં મોટાપાયે પ્લાસ્ટિક ઓફ પેરિસની દશામાની મૂર્તિઓ સહીતની પૂજા-સામગ્રી પધરાવવામાં આવી છે. જે પગમાં ખૂંદાતી હોઈ લોકોની ધાર્મિક લાગણી દુભાવાની સાથે નદી પ્રદુષિત થઈ રહી હોવાની લાગણી રાજુભાઈ વ્યાસ સહિત ના કેટલાક શિવભક્તોએ વ્યક્ત કરી હતી.

આમ, દશામાના ભક્તો જાણે-અજાણે બાલારામ નદીની દુર્દશા માટે જવાબદાર બન્યા છે. જેને કારણે દૂર-સુદૂરથી બાલારામ નદીનું સાનિધ્ય માણવા આવતા શિવભક્તોમાં કચવાટની લાગણી જોવા મળી હતી.

# ઓછા વરસાદને કારણે સાબરકાંઠામાં રોગચાળો ઘટ્યો

## તાવ, શરદી, ઉધરસ સિવાય અન્ય રોગોમા લોકો ન સપડાતા ડોક્ટરો નવરા પડ્યા

હિંમતનગર, તા. ૮

સાબરકાંઠા જિલ્લામાં ગત વર્ષ કરતા આ વર્ષે ખુબજ ઓછો વરસાદ પડ્યો હોવાને કારણે તેનો સીધો ફાયદો લોકોના આરોગ્યને થયો છે. તે પાછળનું મુખ્ય કારણ એ છે કે ચોમાસામાં આ વર્ષે જ્યારે પણ વરસાદ પડ્યો છે ત્યારે તે શાંત અને ઓછો હોવાને કારણે માખી મચ્છરોનો ઉપદ્રવ ગત વર્ષની સરખામણીમાં ઓછો છે. તેના કારણે જુલાઈ માસ સુધીમાં ચિંતાજનક ગણાય એવા ચિકનગુનીયા, ડેન્ગ્યુ તથા ઝેરી મેલેરીયા અને કમળા જેવા દર્દીઓ ખાસ નોંધાયા નથી.

આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ઓછા વરસાદને કારણે તથા પ્રજામાં આવેલી સ્વચ્છતા અભિયાન અંગેની જાગૃતિને લીધે ગંદકીના પ્રમાણમાં ઘટાડો નોંધાયો છે. જેના કારણે વાયરલ ફીવરમાં પણ ગત વર્ષ કરતા ઓછા લોકો સપડાયા છે. સુત્રોના જણાવાયા મુજબ ગત જાન્યુઆરીથી જુલાઈ દરમ્યાન ચીકનગુનીયાનો એક પણ કેસ નોંધાયો નથી.

જો કે આ વર્ષે ડેન્ગ્યુના ત્રણ કેસ જોવા મળ્યા હતા જે ગત વર્ષે નવ હતા. મેલેરીયાની વાત કરીએ તો ગયા વર્ષે સાબરકાંઠામાં ૬૬ કેસ નોંધાયા હતા. જે આ વર્ષે ૫૮ થયા છે. જેથી મેલેરીયામાં પણ ઓછા લોકો સપડાતા ઓગષ્ટ અને સપ્ટેમ્બરમાં ખાસ કરીને ડૉક્ટરો માટે જે સીઝન ગણાતી હતી. તેમાં તબીબોની આશા મુજબ દર્દીઓ સારવાર લેવા આવ્યા નથી.

જીલ્લા આરોગ્ય અધિકારી બનેસિંહ રાઠોડના જણાવાયા મુજબ જિલ્લામાં મેલેરીયાનો રોગ વધુ ન પ્રસરે તે માટે આ વર્ષે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા ૯ હજાર અને ગત વર્ષની પણ અંદાજે ૯૨૦૦ કેમીકલ યુક્ત મચ્છરદાની જિલ્લાના પછાત વિસ્તારોમાં રહેતી સગર્ભા તથા ધાત્રી માતાઓને આરોગ્ય વિભાગ દ્વારા વિતરણ કરાઈ રહી છે.

# પાલનપુરના બેચરપુરામાંથી શ્રાવણીયો જુગાર રમતાં સાત શકુનિઓ ઝડપાયા

પાલનપુરમાં શ્રાવણીયા જુગારની મોસમ પુરબહારમાં ખીલી છે. ત્યારે એલ. સી. બી. પોલીસે બાતમીના આધારે શહેરના બેચરપુરા વિસ્તારમાં રેડ કરી હતી. જ્યાં જાહેરમાં જુગાર રમતાં ૭ શકુનિઓને રૂ.૯૪,૫૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પાલનપુર શહેરના બેચરપુરા વિસ્તારમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે એલસીબી પીઆઈ જે. એચ. સિંઘવે સ્ટાફ સાથે રેડ કરી હતી. જ્યાં જાહેરમાં જુગાર રમતાં સાત શખ્સોને ઝડપી લીધા હતા. જેમની પાસેથી રોકડ રૂપિયા ૨૯,૦૦૦ તેમજ સાત મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૯૪,૫૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. આ અંગે તમામ સામે જુગાર ધારાની કલમ મુજબ ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ઝડપાયેલ શકુનિઓ : (૧) રામજીભાઈ વીરજીભાઈ પ્રજાપતિ (૨) માનસીંગભાઈ ભુરાભાઈ પ્રજાપતિ (૩) પ્રવિણભાઈ દેવસીંગ પ્રજાપતિ (૪) ભરતભાઈ જોગાભાઈ પ્રજાપતિ (૫) રામજીભાઈ બાબુભાઈ પ્રજાપતિ (૬) રમેશભાઈ પ્રજાપતિ (૭) પુજાભાઈ જોગાભાઈ પ્રજાપતિ (તમામ રહે. બેચરપુરા, પાલનપુર)

# ઈડર તાલુકાના મોટાકોટડા ગામમાં આરોગ્ય કેન્દ્ર જર્જરીત

ભિલોડા,તા.૮

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના મોટાકોટડા ગામમાં આરોગ્ય કેન્દ્ર છેલ્લા ૨૦ વર્ષથી જર્જરીત હાલતમાં હોવાના કારણે આરોગ્ય કેન્દ્ર હાલના તબક્કે ભાડાના મકાનમાં કાર્યરત છે. રખડતા પશુઓ અને અસામાજીક તત્વો માટે આશીયાણુ બની ગયું છે. ઈડર તાલુકા પંચાયત પુર્વ કારોબારી અધ્યક્ષ કેશુભાઈ પી.પટેલ સહિત જાગૃત ગ્રામજનોએ વારંવાર ઉગ્ર ધારદાર રજુઆતો કરી હોવા છતાં આરોગ્ય વિભાગના જવાબદાર અધિકારીઓ જાણે કે કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા હોય તેમ લોકમુખે ચર્ચાય છે. આરોગ્ય વિભાગના જવાબદાર અને વહીવટી કુશળતા ધરાવતા અધિકારીઓની લાપરવાહીના કારણે મોટાકોટડા ગામમાં આરોગ્ય કેન્દ્ર વર્ષોથી જર્જરીત હાલતમાં છે. વારંવાર ઉગ્ર ધારદાર રજુઆતો કરવા છતાં વહીવટી તંત્ર ધ્વારા આજ દિન સુધીમાં ન્યાયિક પગલાં કેમ લેવાતા નથી તેમ લોકમુખે ચર્ચાય છે.વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે ત્યારે ન્યાયીક રજુઆતો



સાંભળવા કેમ તૈયાર નથી ? ઈડર તાલુકાના મોટાકોટડા ગામમાં અંદાજીત ૫૦ વર્ષ પુર્વે સ્વ. રામજીભાઈ બેચરભાઈ પટેલ પરીવારના માતબર દાન આપી આરોગ્ય કેન્દ્રનો શુભારંભ મોટાકોટડા ગામમાં કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ૨૦ વર્ષથી આરોગ્ય કેન્દ્ર જર્જરીત હાલતમાં છે.આરોગ્ય કેન્દ્ર બંધ અવસ્થામાં હોવાના કારણે ખખડધજ નધણીયાતુ બનવા પામ્યું છે ત્યારે ક્યારે ધારાશાયી થઈ જશે તે નક્કી નથી તેમ લોકમુખે ચર્ચાય છે. આરોગ્ય કેન્દ્ર માટે સ્વ. સરદારબેન જીવણભાઈ પટેલ અને સ્વ. સદાભાઈ કુબેરભાઈ પટેલએ ગામતળમાં પોતાની માલીકીની મોકાની એક એકર જમીન અંદાજીત રૂા.૩૫ લાખની મહામુલ્યવાન સોનાના લગડી ગણાતી જમીન દાનમાં આપી હતી પરંતુ આજે તેનો સદ્‌ઉપયોગ કેમ થતો નથી તે મોટો પ્રાણ પ્રશ્ન છે. રખડતા પશુઓ, અસામાજીક તત્વો, જર્જરીત આરોગ્ય કેન્દ્રનો સદ્‌ઉપયોગ કરી આશરો મેળવી રહ્યા છે. મોટાકોટડા ગામમાં આરોગ્ય કેન્દ્ર વર્ષોથી જર્જરીત હાલતમાં છે ત્યારે આરોગ્ય વિભાગના જવાબદાર અધિકારીઓ ધ્વારા આરોગ્ય કેન્દ્રના મકાનનું સત્વરે રીનોવેશન કરી સદ્‌ઉપયોગ કરવામાં આવે તેવી જાગૃત પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે. સાબરકાંઠા જીલ્લાના રાજકીય આગેવાન અને ઈડર તાલુકા પંચાયતના પુર્વ કારોબારી અધ્યક્ષ કેશુભાઈ પી. પટેલએ જર્જરીત આરોગ્ય કેન્દ્ર બાબતે વારંવાર ઉગ્ર ધારદાર રજુઆતો કરી હોવા છતાં કોઈ પણ પ્રકારના હકારાત્મક અભિગમ ભર્યા પગલા કેમ લેવામાં આવતા નથી તે મોટો પ્રાણ પ્રશ્ન છે. મોટાકોટડા ગામમાં જર્જરીત આરોગ્ય કેન્દ્રના વર્ષો જુના મકાનનું રીનોવેશન વહીવટી તંત્ર ધ્વારા હાથ ધરવામાં આવે તેવી લોકમાંગણી ઉઠવા પામી છે.

# મોડાસામાં પોલીસની આંખ સામે મોબાઈલની દુકાનમાં ધાડપાડુઓ ત્રાટક્યા

મોડાસા, તા. ૮

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ચોર લૂંટારુ ગેંગ વિરામ લીધા બાદ ફરી સક્રિય થતા શહેરીજનો ફફડી ઉઠ્યા છે. મોડાસા ચાર રસ્તા પોલીસ ચોકીથી ૨૦૦ મીટર અંતરે આવેલી મોબાઈલ શોપ પર ચોર લૂંટારુઓ ત્રાટકી દુકાનનું શટર ઉંચુ કરી દુકાનમાં રહેલા ૪૦ હજારથી વધુના મોબાઈલ સહીત મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ જતા વેપારી સહીત નગરજનોમાં ભારે અચરજ ફેલાયું હતું અને પોલીસતંત્રના નાઈટ પેટ્રોલિંગ અને સતત વાહનો અને લોકોથી ૨૪ કલાક ધમધમતા રોડ પર ચોરીની ઘટનાને લૂંટારુએ અંજામ આપતાં લોકોમાં પોલીસતંત્રની કામગીરી અંગે અનેક પ્રશ્નાર્થ ઉભા થયા હતા. મોબાઈલ શોપના માલિકે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા તજવીજ હાથ ધરી હતી.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર મોડાસાના ચાર રસ્તા પોલીસ ચોકીની સામે ૨૦૦ મીટર સામે આવેલી નાઈસ મોબાઈલ નામની દુકાનમાં શુક્રવારે રાત્રીના સુમારે ચોર ત્રાટકી દુકાનના આગળના ભાગના શટર ઉંચુ કરી દુકાનમાં પ્રવેશી દુકાનમાં રહેલા અલગ-અલગ કંપનીના મોબાઈલ





અને મુદ્દામાલ મળી ૪૦ હજારથી વધુ રૂપિયાની લૂંટ ચલાવી ફરાર થઈ જતા શનિવારે સવારે દુકાન માલિક દુકાને પહોંચતા આગળનું શટર ઉંચુ જણાતા દુકાન ખોલી સ્ટોકની તપાસ હાથ ધરતાં ૪૦ હજારના મોબાઈલની લૂંટ થયાનું ધ્યાને આવતા પગ નીચેથી ધરતી ખસી ગઈ હોય તેવો ઘાટ સર્જાયો હતો. મોબાઈલ શોપમાં ચોરી થવાની જાણ આજુબાજુના વેપારીઓને થતા દોડી આવ્યા હતા અને પોલીસતંત્રની આંખ નીચેથી લૂંટારુઓ લૂંટ ચલાવામાં સફળ રહી ફરાર થઈ જતા દુકાનદારો અને નગરજનોમાં પોલીસતંત્રની કામગીરી સામે ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો. મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને હજુ મોડાસા ચાર રસ્તા પર મોબાઈલ શોપમાં થયેલી લૂંટની ઘટના પોલીસ ચોપડે ન નોંધાઈ હોવાનું ફરજ પરના પીએસઓએ ટેલિફોનિક પૂછપરછમાં જણાવ્યા હતું.

# ખેડબ્રહ્મા શહેરમાં બાઈકસવારો બન્યા બેફામ

## શહેરમાં બાઇકચાલકોથી પ્રજા ત્રાહિમામ

ખેડબ્રહ્મા, તા. ૮

ખેડબ્રહ્મા શહેરમાં દિવસે દિવસે ટ્રાફિકની સમસ્યાઓ માથાંના દુખાવા સમાન બની રહીં છે. શહેરમાં થઈ રહેલાં દબાણોને કારણે બજારમાં ચાલતા નીકળવું મુશ્કેલ બનતું જાય છે, જ્યારે આ બાબતે કેટલાક અધિકારીના ધ્યાન દોરવા છતાં પરીણામ શૂન્ય આવ્યું છે. બીજી બાજુ મુખ્ય માર્ગો પર જેવા કે વાસણા રોડ સ્ટેટ હાઈવે બગીચા વિસ્તાર મુખ્ય માર્ગો અને મેઈન બજારમાં દિવસે દિવસે આડેધડ રીતે ફૂલ ઝડપે બાઈક ચાલકોનો ત્રાસ વધતો જાય છે. બાઈક ચાલકો પૈકી કેટલાક ચાલકો પાસે લાયસન્સ વગર માર્ગો પર દોડાવી રહ્યા છે. આ માર્ગો પર ચાલતા વયોવૃદ્ધ તથા બાળકો આવી સ્પીડે દોડતી બાઈકથી ભય અનુભવે છે, જ્યારે વહેલી સવારે નાના બાળકો જાણે રેશ લગાવી રહ્યા હોય તેવો નજારો જોવા મળે છે. આ બાબતે આ ટાબરિયાંઓના લાયસન્સ ચેક કરવા જરુરી બન્યા છે અને આ બાઈક ચાલકો પર રોક લગાવો જરુરી છે. ભુતકાળમાં આવા બાઈક ચાલકોએ કેટલાક લોકોનો ભોગ લીધો છે ની શાહી હજુ સુકાઈ નથી ત્યાંરે બગીચા વિસ્તાર મુખ્ય માર્ગો પર રાત્રે રેશ લગાવી રહ્યા છે. ત્યારે રુવાડા ઉભા થાય તેવાં દશ્યો જોવા મળે છે.

આ બાબતે લાગતા વળગતા અધિકારીઓએ નોંધ લઈ ઘટતુ કરે તેવું શહેરની પ્રજા ઈચ્છી રહી છે.



**ભિલોડા સ્વસ્તિક શિશુ વિહાર પ્રાયમરી સ્કુલમાં શિક્ષક દિન ઉજવાયો**

અરવલ્લી જીલ્લાના ભિલોડા ખાતે સ્વસ્તિક શિશુ વિહાર પ્રાયમરી સ્કુલમાં સ્વયં શિક્ષક દિનની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં બુધવારના રોજ સ્વસ્તિક શિશુ વિહાર પ્રાયમરી સ્કુલના વિદ્યાર્થીઓ ધ્વારા સ્વયં શિક્ષક દિન નિમિત્તે વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર શિક્ષક બની શૈક્ષણિક કાર્ય સંભાળ્યું હતું. સ્વયં શિક્ષક દિન નિમિત્તે વિદ્યાર્થીઓ ધ્વારા એક દિવસીય શિક્ષણ કાર્યનું સફળ સંચાલન કરાયું હતું. સ્વસ્તિક શિશુ વિહાર પ્રાયમરી સ્કુલ આચાર્ય, સ્ટાફ પરીવારએ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

# કુંભાસણમાંથી શ્રાવણીયો જુગાર રમતાં નવ જુગારીયા ઝડપાયા

પાલનપુર તાલુકાના કુંભાસણ ગામે શ્રાવણીયો જુગાર રમતાં નવ જુગારીયાઓને ગઢ પોલીસે ઝડપી લીધા હતા. જેમની પાસેથી રોકડ રૂપિયા મોબાઈલ ફોન સહિત રૂપિયા ૬૧૬૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પાલનપુર તાલુકાના કુંભાસણ ગામમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે ગઢ પોલીસે રેડ કરતા નવ જુગારીયાઓ રંગે હાથ ઝડપાયા હતા. જેમની પાસેથી રોકડ રૂપિયા ૪૮,૭૦૦ તેમજ રૂપિયા ૧૨૦૦૦ના મોબાઈલ ફોન સહિત રૂપિયા ૬૧૬૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. જુગટુ રમતા ઝડપાયેલા શકુનિઓ : ૧. જોઈતાભાઈ કાનજીભાઈ પટેલ (રહે. કુંભાસન) ૨. દિનેશભાઈ પુનાભાઈ ઠાકોર (રહે.ગંજીસર તા. સાંતલપુર) ૩. નટુભાઈ નાથાભાઈ પટેલ ૪. શાંતીભાઈ શંકરભાઈ પ્રજાપતિ ૫. મણીલાલ ગંગારામભાઈ પ્રજાપતિ ૬. સુરેશભાઈ ગોદડભાઈ પટેલ ૭. નાથાજી દાનાજી ૮. મેવાજી મેરુજી ઠાકોર (તમામ રહે. (કુંભાસણ) ૯. પ્રવીણકુમાર મનહરલાલ મોદી (રહે. મોટા સાંમઢીવાસ તા. પાલનપુર)